# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર



## સંક્ષિપ્ત સમાચાર

### અંત્રોલી ગામની સીમમાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

પલસાણા: ગત ૨૯ જૂન-૨૦૨૬ના રોજ અંત્રોલી ગામની સીમમાં સર્વિસ રોડની બાજુમાંથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. મૃતકના જમણા હાથ પર 'રમેશ' નામનું ટેટુ ત્રોફાવેલું હતું. પ્રાથમિક તપાસ બાદ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે યુવકનું મોત માથાના ભાગે કોઈ સખત અને તીક્ષ્ણ વસ્તુ મારવાના કારણે થયું હતું. આથી પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે મૃતકની ઓળખ રમેશ ચમનલાલ જોષી (ઉં.વ.૨૨) (મૂળ રહે., પલાસમા, ગોગુંદા, રાજસ્થાન) તરીકે કરી હતી. તપાસ દરમિયાન પોલીસે શંકાસ્પદ હિલચાલના આધારે રોશનકુમાર અનિલ મિશ્રા (ઉં.વ.૨૭) (રહે.,વૈશાલી, બિહાર) નામના ટ્રાન્સપોર્ટ કન્ટેનરના ક્લીનરની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનો કબૂલતા જણાવ્યું કે, ૨૭ જૂનની સાંજે રસ્તા પર રમેશ ગાળો બોલતો હોવાથી બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ગુસ્સામાં આવીને રોશને રમેશને માથાના ભાગે પથ્થરોના ઉપરાછાપરી ઘા મારી સ્થળ પર જ મોતને ઘાટ ઉતારી દીધો હતો. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

### વીજ થાંભલો પડતાં બાઇક સવાર યુવાનનું મોત





ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા નજીકના કંટવા-દીણોદ રોડ પર એક વિચિત્ર અને કમનસીબ અકસ્માત સર્જાયો હતો. કોસાડી ગામના મસ્જિદ ફળિયામાં રહેતો ૨૦ વર્ષીય યુવાન મોહંમદ સુફિયાન અહમદ સાદિક અસમાલ બાઈક પર પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક જ્યોતિગ્રામ યોજનાનો વીજ લાઈનનો થાંભલો તેના પર પડ્યો હતો. થાંભલો માથાના ભાગે પડતાં યુવાનને ગંભીર ઇજાઓ થઈ હતી. લોહીલુહાણ હાલતમાં તેને ૧૦૮ મારફતે તાત્કાલિક વાલિયાના સીએચસી કેન્દ્ર ખાતે ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. કોસંબા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### મુંજલાવ ગામમાં દીપડો પાંજરે પુરાયો



હિતેશ પટેલ

માંડવી: અરેઠના મુંજલાવ ગામે ઇમ્તિયાઝ બાગિયાના ફાર્મ હાઉસમાં છેલ્લા ઘણા સમયથી દીપડાનો આતંક હતો. દીપડો સતત મરઘાંનું મારણ કરતો હોવાથી સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોમાં ભયનો માહોલ હતો. આ અંગે વન વિભાગને જાણ કરાતાં તેમણે ફાર્મ હાઉસ નજીક મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું. ગુરુવારે વહેલી સવારે શિકારની લાલચે દીપડો પાંજરામાં પ્રવેશતા જ કેદ થઈ ગયો હતો. દીપડો પકડાતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે અને વન વિભાગે તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

### સ્યાદલામાં રૂ.90 હજારના લોખંડના સળિયાની ચોરી




કિરણ ધોડિયા

કીમ: ઓલપાડના સ્યાદલા ગામે આનંદ ઇકો પાર્ક-1માંથી 90,480ની કિંમતના 1,560 કિલો લોખંડના નવા સળિયાની ચોરી થતાં કીમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. કન્સ્ટ્રક્શન વ્યવસાયી પ્રદીપભાઈ ઠુમરે સાઇટના સુપરવાઇઝર કૈયુરભાઈ રાદડિયા સામે આક્ષેપ કર્યો છે કે તેણે આ સળિયા અજાણ્યા ટેમ્પો ચાલકને વેચી દીધા હતા. પોલીસે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં રૂ.1 લાખની ચોરીની ઘટનામાં તમિલનાડુના બે આરોપી ઝડપાયા

અંકલેશ્વર: મૂળ મધ્યપ્રદેશ અને હાલમાં અંકલેશ્વરના ભડકોદ્રા વિસ્તારમાં આવેલા શિવમ પાર્કમાં રહેતા પવન જગદીશ સોલંકીના ઘરમાં ગત ૨૧ જૂનની રાત્રે અજાણ્યા ચોરે ખુલ્લા દરવાજાનો લાભ લઈ આશરે રૂ.૫૫ હજારનું એચપી લેપટોપ, રૂ.૨૧ હજારનો સેમસંગ મોબાઇલ અને રૂ.૨૫ હજારનો આઈફોન મળી કુલ રૂ.1.01 લાખનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુનાનો ભેદ ઉકેલી શાંતિનગર વિસ્તારમાંથી મૂળ તામિલનાડુના રહીશ શન્મુગમ મુરૂગન ઓડર તથા વી. શ્રીનિવાસનને ઝડપી પાડ્યા હતા.


### સાબરગામ કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ



દિપકસિંહ મહીડા

અંત્રોલી: અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન-સાબરગામ કોલેજ ખાતે પ્રથમ વર્ષ બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. પ્રિન્સિપાલ ડો.ફાલ્ગુની મિતેશ ઠક્કરે પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં મહાભારતના શકુનિ અને શ્રીકૃષ્ણનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે બંને સલાહકાર હતા, પરંતુ જીવનમાં સફળતા મેળવવા માટે યોગ્ય માર્ગદર્શક અને યોગ્ય વિચારધારાની પસંદગી કરવી સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. તેમણે વિદ્યાર્થીઓને કોલેજ જીવનનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને જ્ઞાન, કૌશલ્ય અને સંસ્કારોનું ઘડતર કરવા પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ પ્રો. શૈલેષ પાંધીએ કોલેજના તમામ અધ્યાપકગણ અને સ્ટાફ મિત્રોની ઓળખાણ વિદ્યાર્થીઓને કરાવી હતી. સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંચાલન ડો. ઉજ્જવલ જોષી અને ડો. અર્ચના પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### કામરેજ તાલુકા પંચાયતની સમિતિઓના અધ્યક્ષોની વરણી



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓના અધ્યક્ષોની રચના કરાઈ હતી, જેમાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે વિશાલસિંહ દેસાઈ (સેવણી) અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે કિશોરભાઈ માહ્યાવંશી (વાવ)ની બિનહરીફ વરણી કરવામાં આવી છે. બંને પદાધિકારીએ પક્ષના મોવડીમંડળ અને સાથી સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### તાપી જિલ્લા ICDS વિભાગની બેદરકારી સામે તપાસ

વ્યારા: કાટકુઈ ગામની આંગણવાડીમાં કલેક્ટર દેવ ચૌધરીની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન 'દૂધ સંજીવની યોજના'માં ગંભીર ક્ષતિઓ ઝડપાઈ છે. કાયમી પ્રોગ્રામ ઓફિસર વિના ઇનચાર્જથી ચાલતા ICDS વિભાગની પોલ ખૂલતાં કલેક્ટરે સુપરવાઈઝર અને કાર્યકર બહેનોને તાત્કાલિક કારણદર્શક નોટિસ ફટકારી તપાસના આદેશ આપ્યા છે.

## ડેડિયાપાડામાં ટ્રકે મોટરકારને ટક્કર મારતાં 6 બાઈક કચડાઈ, એક ઘાયલ



**કાર** બે ફૂટ ઊંચા ડિવાઈડર પર ચઢી છ બાઇકને અડફેટે લઈ પલટી મારી ગઈ

સાગબારા: ડેડિયાપાડા ચાર રસ્તા ખાતે ગુરુવારે વહેલી સવારે એક ભયાનક હિટ એન્ડ રનની ઘટના બની હતી. એક પૂરઝડપે આવતી ટ્રકે સાઈડમાં ઊભી રાખેલી કારને જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે કાર ડિવાઈડર પર ચઢી ગઈ અને ત્યાં પાર્ક કરેલી છ બાઈક કાર નીચે કચડાઈ ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જો કે, કારમાં સવાર એક વ્યક્તિને સામાન્ય ઈજા પહોંચી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મહારાષ્ટ્ર તરફથી આવતી કાર નં.(MH 39 AQ 7111) ડેડિયાપાડા ચાર રસ્તા પાસે ચા-પાણી નાસ્તા માટે ઊભી રાખવામાં આવી હતી. ત્યારે સાગબારા તરફથી એક ટ્રકના ચાલકે પૂરઝડપે ટ્રક હંકારી ઊભેલી કારને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર બે ફૂટ ઊંચા ડિવાઈડર પર ચઢી ગઈ અને ત્યાં પાર્ક કરેલી છ બાઈકને અડફેટે લેતાં કાર પલટી ખાઈ ગઈ હતી. કચડાયેલી બાઈક્સમાં GJ 05 FZ 5612, GJ 22 N 4605, GJ 19 AJ 1675, GJ 26 H 2309, GJ 22 B 4115 અને GJ 22 F 1437 સમાવેશ થાય છે. આ અકસ્માત વહેલી સવારનો હોવાથી ત્યાં વધુ સંખ્યામાં લોકો ઉપસ્થિત ન હતા. જેના કારણે મોટી જાનહાનિ થતાં ટળી હતી. ખાસ નોંધનીય છે કે, ગુરુવારે ડેડિયાપાડા ખાતે હાટ બજાર ભરાય છે, જેમાં મોટી સંખ્યામાં તાલુકાવાસીઓ ખરીદી માટે આવતા હોય છે. જો આ ઘટના મોડેથી બની હોત, તો ભારે જાનહાનિ થવાની સંભાવના હતી. ઘટના બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક ડેડિયાપાડા પોલીસને જાણ થતાં તેઓ ઘટના સ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી છે.



## ડેડિયાપાડાના MLA ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસીઓની ભીડ ઊમટી

**AAP** અને કોંગ્રેસ નેતાઓની હાજરીમાં વિરોધ પ્રદર્શન

સાગબારા, ભરૂચ: ડેડિયાપાડા ખાતે ગુરુવારે ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં સામાજિક જનસમર્થન સભા યોજાઈ હતી. ધોધમાર વરસાદ વચ્ચે પણ હજારોની સંખ્યામાં આદિવાસીઓ છત્રીઓ લઈને અડગ ઊભા રહ્યા હતા અને ચૈતર વસાવાને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. આ સભામાં આપ નેતા ઈસુદાન ગઢવી, મનોજ સોરઠિયા, રાધિકા રાઠવા તેમજ ધારાસભ્યો અનંત પટેલ અને ગોપાલ ઈટાલિયા સહિતના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં નેતાઓએ શાસક પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. વિસાવદરના MLA ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે, ચૈતર વસાવાએ આદિવાસી વિસ્તારની નકલી કચેરીઓ અને ખાનગી પ્રોજેક્ટ્સ સામે અવાજ ઉઠાવી પોતાની તાકાત બતાવી છે. ગંભીર આરોપો ધરાવતા લોકો બહાર ફરે છે, જ્યારે જનતા માટે લડનાર જેલમાં છે. જ્યારે વાંસદાના MLA અનંત પટેલે આદિવાસી સંસ્કૃતિના નારા સાથે હુંકાર કર્યો કે, આદિવાસી સમાજ કોઈનાથી ડરતો કે ઝૂકતો નથી. ભાજપ જાણી લે કે કરોડો આદિવાસીઓ ચૈતર વસાવાની સાથે છે. રાધિકા રાઠવાએ પણ ઉમેર્યું કે હક્કોની લડતને કારણે જ તેમને જેલમાં પૂરવામાં આવ્યા છે.

આ પ્રસંગે આપ મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું કે, ચૈતરભાઈ સાથે ૧૮ દિવસના બાળક સાથે જેલ ભોગવી રહેલાં શકુંતલાબેનને કોર્ટમાંથી જામીન મળી ગયાં છે. ગામેગામથી બસો ભરીને આવેલા સમર્થકોના આ જનસૈલાબે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે લોકભાવના ચૈતર વસાવા સાથે છે અને તેઓ 'ઝૂકશે નહીં'.

## ચલથાણ ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણી પૂર્વે જ મતદાર યાદી મામલે વિવાદ

**બિન-ઉત્પાદક** સભાસદોને મતાધિકાર આપવા જિલ્લા રજિસ્ટ્રારને રજૂઆત

પલસાણા: શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની આગામી ચૂંટણી પૂર્વે મતદાર યાદીમાં ગેરરીતિ અને લાયક સભાસદોને મતાધિકારથી વંચિત રાખવાના ગંભીર આક્ષેપો સાથે જિલ્લા રજિસ્ટ્રારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાના જાગૃત સભાસદ પરેશકુમાર કુંદનલાલ પટેલ દ્વારા જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ સુગર), સુરતની કચેરીએ રૂબરૂ જઈને એક વિસ્તૃત પત્ર પાઠવવામાં આવ્યો છે, જેમાં ચૂંટણી પ્રક્રિયા કાયદેસર અને પારદર્શક રાખવા તેમજ તમામ લાયક સભાસદોનાં નામ મતદાર યાદીમાં સામેલ કરવા માંગ કરવામાં આવી છે.

અરજદારના જણાવ્યા અનુસાર મંડળીના સત્તાધિકારીઓ પાસે આગામી ચૂંટણી માટેની ઝોન વાઈઝ મતદાર યાદીની નકલ માંગવામાં આવી છે. આક્ષેપ છે કે તાજેતરમાં ૨૭ મે ૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ મીટિંગમાં પાછલા દિવસોની અસરોથી ઠરાવ પસાર કરીને ૩૧ માર્ચ-૨૦૨૬ના રોજની જે મતદાર યાદી તૈયાર કરાઈ છે, તે તદ્દન ગેરબંધારણીય છે. સભાસદોએ શેર ફાળાની સંપૂર્ણ રકમ સમયસર ભરી દીધી હોવા છતાં, તેઓને મતાધિકારથી વંચિત રાખવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગુજરાત સહકારી મંડળી એક્ટ ૧૯૬૧ની કલમ-૨૭ તથા ૨૮ અને સંસ્થાના પેટા કાયદા મુજબ નિયત સમયમાં સંપૂર્ણ રકમ ભરનાર દરેક સભાસદને મતદાન કરવાનો કાનૂની અધિકાર મળે છે. વધુમાં, ખાંડ નિયામકના પરિપત્રને ટાંકીને બિન-ઉત્પાદક સભાસદોને મતાધિકાર ન હોવાની બાબત સામે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓનો હવાલો આપવામાં આવ્યો છે. હાઈકોર્ટે અગાઉના ચુકાદાઓમાં સ્પષ્ટ કર્યું છે કે, સહકારી ખાંડ ઉદ્યોગના દરેક સભાસદ સંસ્થાના પેટા નિયમો અને સહકારી મંડળી એક્ટ અન્વયે મતદાન કરવા હક્કદાર છે, ભલે તે બિન-ઉત્પાદક સભાસદ હોય. પત્રમાં ભારપૂર્વક જણાવાયું છે કે, સંસ્થાની સામાન્ય સભામાં હજુ સુધી આવા કોઈ પ્રતિબંધાત્મક સુધારા મંજૂર કરાયા નથી, તેથી તમામ સભાસદોને આગામી વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીમાં મતાધિકાર મળવો અનિવાર્ય છે. કોઈપણ સભાસદ પોતાના લોકશાહી અધિકારથી વંચિત ન રહે તે જોવાની ફરજ વહીવટી તંત્રની છે, જેથી આ બાબતે તાકીદે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરાઈ છે.

## અંકલેશ્વરમાં પ્રથમ વરસાદમાં જ કેનાલોમાં માછલીઓ મૃત મળી

**ઉમરવાડા** અને પાનોલી જીઆઈડીસી વિસ્તારના વિડીયો વાયરલ, પ્રદૂષિત પાણી ભળ્યાની આશંકા

અંકલેશ્વર: અંકલેશ્વરમાં પ્રથમ વરસાદ બાદ વિવિધ વિસ્તારોની કેનાલોમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ દેખાતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. ઉમરવાડા તેમજ પાનોલી જીઆઈડીસીના મહારાજા નગર નજીકની કેનાલમાં મૃત માછલીઓ હોવાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ઉપરાંત અંકલેશ્વર જીઆઈડીસી તળાવને જોડતી કેનાલમાં પણ મૃત માછલીઓ જોવા મળ્યાના દાવા સામે આવ્યા છે.

સ્થાનિકોનું માનવુ છે કે ઔદ્યોગિક પ્રદૂષિત પાણી વરસાદી પાણી સાથે કેનાલમાં ભળતાં પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટ્યુ હોઈ શકે છે, જેના કારણે માછલીઓના મોત થયા હોવાની શક્યતા નકારી શકાય નહીં. જોકે, આ અંગેનું સાચું કારણ સંબંધિત વિભાગો અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પાણીના નમૂનાઓની વૈજ્ઞાનિક તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. સ્થાનિકોએ જીપીસીબી અને ફિશરીઝ વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી પાણીના નમૂનાઓ લઈ તપાસ હાથ ધરી છે. કેનાલનું પાણી તળાવો તથા ખેતી માટે સિંચાઈમાં ઉપયોગમાં લેવાતું હોવાથી આ ઘટનાની અસર પર્યાવરણ, જળચર જીવન, કૃષિ અને માનવ આરોગ્ય પર પણ પડી શકે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રથમ વરસાદ બાદ જ આવી સ્થિતિ સર્જાતા ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રણની કામગીરી અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સામે પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે. હવે તપાસ બાદ જ મૃત માછલીઓ પાછળનું વાસ્તવિક કારણ સામે આવશે અને જવાબદારી નક્કી થઈ શકશે.

## રિક્ષા પલટી જતાં મહિલાનું મોત

કુકરમુંડા: નિઝર પોલીસ મથકમાં રિક્ષા અકસ્માતમાં મહિલાના મોતના મામલે તેના પતિ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. કુકરમુંડાના આશ્રવા ગામના અનિલભાઈ રાજુભાઈ પાડવી પોતાની અતુલ રિક્ષા નં.(GJ-07-AT-8384)માં ગામના અન્ય મજૂરો સાથે મજૂરી કામેથી પરત ફરી રહ્યા હતા. તા.1/7/2026ના રોજ સાંજે વાંકા ગામની સીમમાંથી પસાર થતા નંદુરબાર-તળોદા નેશનલ હાઈવે પર રિક્ષા ચાલકે બેદરકારી અને પૂરઝડપે વાહન હંકારી સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ કારણે રિક્ષાનું બેલેન્સ બગડતાં પાછળ ફાળકા પર બેઠેલી તેની પત્ની મંજુબેન અનિલભાઈ પાડવી (ઉં.વ.26) (રહે.,આશ્રવા, તા.કુકરમુંડા) રોડ પર પટકાતાં તેમનું મોત થયું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ વિલાશભાઈ પાડવી (રહે.,આશ્રવા, તા.કુકરમુંડા)એ નિઝર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી અનિલપાડવી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગોડધા સહિતનાં સાત ગામોને માંડવી પોલીસ સ્ટેશનમાં જોડવા રજૂઆત

માંડવી: સુરત ગ્રામ્ય જિલ્લામાં પોલીસ અધિકાર ક્ષેત્રના તાજેતરના પુનર્ગઠન બાદ સર્જાયેલી અગવડતાઓને પગલે ગોડધા, કાલીબેલ, કિમડુંગરા, લાડકૂવા રેગામા ગ્રુપ, દાદાકુઈ, સાલૈયા અને સાલૈયાભાથી ગામોના ગ્રામજનો તથા સરપંચોએ એકજૂટ થઈને આ ગામોને માંડવી પોલીસ સ્ટેશન હેઠળ સમાવવા માટે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને લેખિત રજૂઆત કરી છે. ગૃહ વિભાગ દ્વારા ગત 27 જાન્યુઆરી, 2026ના રોજ જાહેર કરવામાં આવેલા નવા નોટિફિકેશન મુજબ આ ગામોને તડકેશ્વર પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં મૂકવામાં આવ્યાં છે. જો કે, આ નિર્ણયને પગલે સ્થાનિક ગ્રામજનો માટે મોટી વહીવટી અને સામાજિક મુશ્કેલીઓ ઊભી થઈ છે. રજૂઆતમાં જણાવાયું છે કે, તડકેશ્વર પોલીસ સ્ટેશન આ ગામોથી આશરે 28થી 35 કિલોમીટર દૂર આવેલું છે, જેના કારણે કાયદાકીય કે પોલીસ સંબંધી કામગીરી માટે ગ્રામજનોએ લાંબી મુસાફરી કરવી પડે છે.આ સમગ્ર પ્રક્રિયા અને રજૂઆતનું નેતૃત્વ ગોડધા ગામના સરપંચ વિજય ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઓલપાડ તુવેર-ભોંયસીંગ મંડળીના પ્રમુખ પદે મનહર પટેલ વરાયા

**ઉપપ્રમુખ** પદે ધર્મેન્દ્રસિંહ ઠાકોરની બિનહરીફ વરણી



સુરત: ઓલપાડ, ચોર્યાસી, કામરેજ અને માંગરોળ તાલુકામાં કાર્યક્ષેત્ર ધરાવતી ઓલપાડ ગ્રુપ તુવેર એન્ડ ભોંયસીંગ સેલ સોસાયટી લિમિટેડ (જહાંગીરપુરા જીન) ખાતે આગામી અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી, જેમાં મનહરભાઈ લલ્લુભાઈ પટેલ (કોસાડ) પ્રમુખ તરીકે અને ધર્મેન્દ્રસિંહ અતેસિંહ ઠાકોર ઉપપ્રમુખ તરીકે બિનહરીફ ચુંટાઈ આવ્યા છે. બોર્ડ મિટિંગમાં પ્રમુખ પદ માટે મનહરભાઈ પટેલના નામની દરખાસ્ત બળવંતભાઈ પટેલે મૂકી હતી, જેને ભગવતીભાઈ પટેલે ટેકો આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ પદ માટે ધર્મેન્દ્રસિંહ ઠાકોરના નામની દરખાસ્ત ભરતભાઈ પટેલે મૂકી હતી, જેને રાજેશભાઈ પટેલે ટેકો જાહેર કર્યો હતો. અન્ય કોઈ ઉમેદવારી ન નોંધાતાં બંનેને વિજેતા જાહેર કરાયા હતા. મનહરભાઈ છેલ્લા સાડા છ વર્ષથી પ્રમુખ તરીકે અને ધર્મેન્દ્રસિંહ ગત અઢી વર્ષથી ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. બંને હોદ્દેદારોએ તમામ ડિરેક્ટરો અને સભાસદોનો આભાર માની ખેડૂતોના વિકાસ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## કુકરમુંડામાં ચોરીનો આરોપી ઝડપાયો

કુકરમુંડા: કુકરમુંડા પોલીસે ફેબ્રુઆરી-૨૦૨૫માં રવિન્દ્ર કુંભારના ઘરમાં ૪.૪૭ લાખની ઘરફોડ ચોરીના ગુનામાં લાંબા સમયથી ફરાર વોન્ટેડ આરોપી નટવરભાઈ નિકુમને ઝડપી પાડી ત્રણ દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે.

## અંત્રોલીમાં જાહેર રસ્તા ઉપર કચરાના ઢગથી સ્થાનિકો પરેશાન

**સુવિધાઓ** આપવા સરપંચ અને તલાટીને ગ્રામજનોની રજૂઆત



ઈલ્યાસ શેખ

પલસાણા: અંત્રોલી ગામના રહીશો દ્વારા પાયાની સુવિધાઓ અને સફાઈ અંગે સરપંચ તથા તલાટી કમ મંત્રીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. ગામમાં આવેલા સાંઈ નગર, ધનલક્ષ્મી એપાર્ટમેન્ટ, શ્રી રામ વિલા અને શ્રી એપાર્ટમેન્ટ વિસ્તારના નાગરિકો અત્યારે અનેક ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેના તાકીદના નિકાલ માટે તેઓએ વહીવટી તંત્રને અરજી સુપરત કરી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ સોસાયટીઓની સામેથી પસાર થતા મુખ્ય જાહેર રસ્તા પર સ્ટ્રીટ લાઈટ્સ ન હોવાને કારણે રાત્રિના સમયે ઘોર અંધારું પથરાઈ જાય છે. આ અંધારાને લીધે રાત્રે અવરજવર કરતાં બાળકો અને મહિલાઓમાં સતત ભયનો માહોલ રહે છે, તેમજ વિસ્તારમાં ચોરી અને લૂંટફાટ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ થવાની ભીતિ સેવાઈ રહી છે. આ સુરક્ષાના પ્રશ્નને ધ્યાને રાખીને ત્યાં તાત્કાલિક ધોરણે સ્ટ્રીટ લાઈટો તથા સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત, વિસ્તારમાં ખુલ્લી ગટર લાઈનો (ડ્રેનેજ) હોવાથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે. જાહેર રસ્તાની આજુબાજુ કચરાના મોટા ઢગલા ખડકાયેલા હોવાથી પ્રદૂષણ વધ્યું છે અને લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડી રહી છે. રહીશોએ આ કચરાનો તાત્કાલિક નિકાલ કરી ત્યાં કચરાપેટીઓ મૂકવા તથા શ્રી રામ વિલાની બાજુમાંથી આવા-જવા માટે નવો રસ્તો બનાવી આપવાની પણ વિનંતી કરી છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૩૧/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- શીલાબેન નટવરભાઈ પટેલ, રહે.પટેલ ફળિયું, હલધરૂ, કામરેજ, જી.સુરત-૩૯૪૩૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉશ્કેર રામકુંડ ગૃપ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત -૩૯૪૧૧૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી શીલાબેન નટવરભાઈ પટેલ, રહે.પટેલ ફળિયું, હલધરૂ, કામરેજ, જી.સુરત-૩૯૪૩૧૦એ તેઓના પોતે શીલાબેન નટવરભાઈ પટેલનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: શીલાબેન નટવરભાઈ પટેલ ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૦ ૩. જન્મનું સ્થળ: મોજે.લીંડીયાદ, તા. માંગરોળ, જી.સુરત.

સબબ, ઉપરોક્ત વિગતે શીલાબેન નટવરભાઈ પટેલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૬૭/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨/૭/૨૦૨૬

વાદી: આમીર સમીર માલ, રહે. સિદાત ફળીયુ, કઠોર, તા.અબ્રામા, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી આંબોલી આંબોલી ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી આમીર સમીર માલનો જન્મ તા.09/07/1988 ના રોજ આંબોલી, તા.કામરેજ, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૪/૮/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨/૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - સુશ્રી. એમ.પી.પટેલ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અબ્રામાની કોર્ટમાં**

નં.જ.મ.પ્ર/એસ.આર.નં.૧૧/૨૦૨૬
તા.૦૬/૦૬/૨૦૨૬

વાદી: જાકીરહુસેન અબ્દુલમજીદ સુરતી, રહે. કોળી ફળિયું, કઠોર, અબ્રામા, સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા, ઈસ્ટ ઝોન-બી સરથાણા, સુરત.

વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી જાકીરહુસેન અબ્દુલમજીદ સુરતી તે અબ્દુલમજીદ હુશેન સુરતી નો પુત્ર અરજદાર પોતે જાકીરહુસેન અબ્દુલમજીદ સુરતી નું કોળી ફળિયું કઠોર અબ્રામા સુરત તા.૦૬/૦૨/૧૯૭૩ ના રોજ જન્મ થયેલ છે. અને તેઓના ની જન્મ નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર ની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

( સુશ્રી. એમ.પી.પટેલ )
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અબ્રામા જિ.સુરત

Milano MULTIPLEX
બારડોલી
Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm
Minions & Monsters
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333